નવી બાબત. ૨૦૦૦–૨૦૦૧
જિલ્લા કચેરીઓ માટે ૧૨ નવી
જીપગાડીઓ ખરીદવા બાબત.

---

જિલ્લા સ.ક. અધિકારી, અમરેલી.

ગુજરાત સરકાર.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવ ક્રમાકઃ સશપ–૧૫૯૯–ન.બા. ૧૩–અ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : –૨૯–૦૩–૨૦૦૧

<u>વંચાણમાં લીધા</u> :– (૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૧–૦૧–૨૦૦૦ નો સરખા ક્રમાક નો પત્ર

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગરનો તા.૦૭–૧૨–૨૦૦૦ નો પત્ર ક્રમાકઃ વિજાક/ રેકર્ડ / અમરેલી/૨૦૦૦–૨૦૦૧/ ૩૪૩

(૩) બંદર વાહન વ્યવહાર અને મત્સ્યોધોગ વિભાગના ઠરાવ ક્રમાકઃ જીટીએસ/૨૬૭૮/૪૮૯૭/ડી. તા. ૧૨–૧૧–૮૭

<u>ઠરાવ</u> :–

આ મુખના ક્રમાકઃ (૧) સામેના આ વિભાગના તા. ૨૧–૦૧–૨૦૦૦ના સરખા ક્રમાક ના પત્રથી નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળની જિલ્લા કચેરીઓ માટે ૧૨ નવી જીપગાડીઓ ખરીદવા રૂા. ૪૮,૦૦ લાખની વિભાગ–૧ નવી બાબતનો સને. ૨૦૦૦–૨૦૦૧ ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. આ મુખ ક્રમાકઃ (૩) પરના બંદરો વાહન વ્યવહાર અને મત્સ્યોધોગ વિભાગના તા.૧૨–૧૧–૮૭ ના ઠરાવની જોગવાઈઓ પરિપૂર્ણ થતી હોઈ તદ્અનુસાર આ મુખ પરના ક્રમાકઃ (૨) પરના નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણના તા.૦૭–૧૨–૨૦૦૦ ના પત્રથી નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળની અમરેલી જિલ્લાની ડીઝલ જીપ નં. જીજે એસ –૩૫૫૬ કન્ડમ કરી નવી જીપગાડી ખરીદવા રૂા. ૪ , લાખ ( અંકે રૂપિયા ચાર લાખ પુરા ) ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૨. નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ના હુકમથી ગ્રાન્ટની ફાળવણીની મર્યાદામાં તેમજ રાજ્ય સરકાર ધ્વારા નિયત કરાયેલ પધ્ધતિ અનુસાર ગાડીની ખરીદી કરવાની રહેશે. તેમજ જુની જીપગાડીની નિયમોનુસાર સમય–મર્યાદામાં નિકાલ કરી તેની જાણ આ વિભાગને કરવાની રહેશે.

૩. આ અંગેનો ખર્ચ સામાજીક સેવાઓ – અ. જા. / અનુ. આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ – ૨૨૨૫ – અ.જા./ અનુ. આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ – ૦૦૧ – નિર્દેશ અને વહીવટ બીસીકે – ૧૨૮ તમામ કક્ષાએ વહીવટી તંત્રને સંગીન બનાવવું હેડ હેઠળની સને. ૨૦૦૦–૨૦૦૧ ના નાણાંકીય વર્ષના અંદાજપત્રની જોગવાઈમાંથી કરવાનો રહેશે.

૪. આ હુકમો સરખા ક્રમાકની ફાઈલ પર તા.૨૩–૦૩–૨૦૦૧ ની નોંધથી મળેલ નાણાં વિભાગની અનુમતિ અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( સુનીલ કે. સોની )
સેકશન અધિકારી.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ.
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના :–</u>

– પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
– એ.જી. રાજકોટ / અમદાવાદ
– જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, ( વિ.જા ) અમરેલી
–નાણાં વિભાગ, સચિવાલય , ગાંધીનગર
– ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
–નાણાં સલાહકારશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
– સીલેકટ ફાઈલ.

જી.૧૨. ભરત : ૨૮ : ૦૩ : પેજ. ૧૬૪